# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.11 GRADE – 'A'
Website: www.spuvvn.edu Phone: (02692)226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત બી.એડ. કોલેજ, સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ. કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે બી.એડ. અભ્યાસક્રમમાં સ્નાતક ફ્રેશ (ફક્ત સરદાર પટેલ યુનિવર્સિટી)ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ રહેશે.

(૧) જે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ફક્ત સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી સ્નાતક (BA / B.Com / B.Sc અને Other Graduation Degree) **50%** સહિત (SC/ ST/SEBC માટે 5% છુટછાટ રહેશે.) પાસ કરેલ હોય તેવાં વિદ્યાર્થીઓ ઓનલાઈન બી.એડ. પ્રવેશ ફોર્મ **તારીખ ૦૯/૦૬/૨૦૨૩ થી તારીખ ૧૮/૦૬/૨૦૨૩** સુધી ભરી શકશે.

(૨) તારીખ **૨૦/૦૬/૨૦૨૩** સાંજ ના ૦૫:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન પ્રવેશ ફોર્મની પ્રિન્ટ અને તેની સાથે અસલ દસ્તાવેજોની નકલ સહિત યુનિવર્સિટી કાર્યાલયની પાછળ રૂમ નં. ૧૧૮ માં પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે.
**નોંધ:** પ્રવેશ ફોર્મ જમા કરાવતાં સમયે તમામ ઓરીજીનલ માર્કશીટ, જાતિનો દાખલો, વેરીફાઇ કરાવવાનું રહેશે અન્યથા પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન કરવામાં આવશે નહી. વેરીફીકેશન કરાવ્યા બાદ તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ પરત મેળવી લેવાનાં રહેશે.

(૩) સરદાર પટેલ યુનિવર્સિટીના સ્નાતક ફ્રેશ વિદ્યાર્થીઓનું મેરીટ લિસ્ટ તથા પ્રવેશ કાઉન્સેલિંગના વિષય અને તારીખવાર શિડ્યુલ **તારીખ ૨૬/૦૬/૨૦૨૩** ના રોજ યુનિ.વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) સરદાર પટેલ યુનિવર્સિટીના સ્નાતક ફ્રેશ વિદ્યાર્થીઓનું પ્રવેશ કાઉન્સેલિંગ અંદાજીત **તારીખ ૨૭/૦૬/૨૦૨૩, ૨૮/૦૬/૨૦૨૩** ના રોજ યોજવામાં આવશે.

(૫) જે વિદ્યાર્થીઓએ તારીખ **૨૦/૦૬/૨૦૨૩** સાંજ ના ૦૫:૦૦ કલાક સુધીમાં પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયની પાછળ રૂમ નં. ૧૧૮ માં જમા કરાવેલ નહી હોય તેવાં વિદ્યાર્થીઓનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૬) જે વિદ્યાર્થીઓએ અન્ય યુનિવર્સિટીમાંથી (સરદાર પટેલ યુનિવર્સિટી સિવાય) સ્નાતક ડીગ્રી પાસ કરેલ હોય તેવાં વિદ્યાર્થીઓએ ફ્રેશ વિદ્યાર્થીઓનું પ્રવેશ કાઉન્સેલિંગ પૂર્ણ થયા બાદ જો બી.એડ. કોલેજોમાં સીટ ખાલી રહે તો ખાલી રહેલ સીટ પર ઓપન રાઉન્ડમાં પ્રવેશ મેળવી શકશે. ઓપન રાઉન્ડ અંગેની વિગતવાર માહિતી યુનિ.વેબસાઇટ પર સ્નાતક ફ્રેશ વિદ્યાર્થીઓના પ્રવેશ કાઉન્સેલિંગ પૂર્ણ થયા બાદ પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી યુનિ.વેબસાઇટ વખતોવખત જોતાં રહેવા જણાવવામાં આવે છે.

નં. ડી/બી.એડ./૨૦૨૩/4356
તારીખ:૦૨/૦૬/૨૦૨૩
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાના:

(૧) આચાર્યશ્રી, યુનિ. સંલગ્ન તમામ બી.એડ. કોલેજો તરફ જાણ સારૂ.

(૨) નિયામકશ્રી, જી.એચ.પટેલ કમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, તરફ ઘટતી કાર્યવાહી કરવા તથા વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

(૩) કુલપતિશ્રીના અંગત મદદનીશ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ.